# આઇ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગર, આણંદના વિદ્યાર્થીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

-----------------------------------------------------------------------------------------------------------------------

આઇ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગર, આણંદના ધોરણ-૯ અને ધોરણ-૧૧ ના એમ કૂલ ૧૭૫ વિદ્યાર્થીઓએ તા. ૧૮.૧૨.૨૦૨૩ સોમવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન ડૉ કે. જી. ખડાયતા, દ્વારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. તેઓએ યુનિવર્સિટીના અન્ય વિભાગો જેવા કે ઔષધિય પ્લાન્ટ નર્સરી, ફુલછોડ નર્સરી અને પ્રાકૃતિક ખેતી અંગે પણ માહિતી મેળવી હતી. સદર મુલાકાત દરમ્યાન આઇ. બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના શિક્ષકો પણ હાજર રહેલ હતા.



